

# સરદારધામ

Date: 30-05-2026

## સમસ્ત પાટીદાર સમાજના કોલેજમાં અભ્યાસ કરતા દીકરાઓ જોગ

સરદારધામ-અમદાવાદ કુમાર છાત્રાલય ખાતે અદ્યતન હોસ્ટેલ-કમ-ઈન્સ્ટિટ્યૂટમાં આ વર્ષે 2026-27માં પ્રવેશ મેળવવા ઈચ્છતા ધોરણ-12 (વિજ્ઞાનપ્રવાહ / સામાન્ય પ્રવાહ)માં પાસ થયેલા બહારગામના દીકરાઓને અમદાવાદ-ગાંધીનગર ખાતે કૉલેજમાં પ્રવેશ પ્રાપ્ત થયો હોય અને હોસ્ટેલની સુવિધા ઈચ્છતા હોય તેઓએ વેબસાઈટ પર પ્રવેશની વિગતો અને હોસ્ટેલના નિયમો વાંચીને ઓનલાઈન અરજી કરવાની રહેશે.

## આ વર્ષે રૂમમાં જગ્યા ખાલી ના હોવાથી ડોરમેટરીમાં (પૂરતી સગવડ સાથે) એડમિશન આપવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

- સરદારધામની વેબસાઈટ www.sardardham.org પર ઓનલાઈન અરજી ફોર્મ તારીખ 01/06/26 થી તારીખ 15/06/26 સુધી ઓપન રાખવામાં આવશે.

  How to Apply (Home > Admission > Hostel Registration > College Students Registration)
- કોલેજના પહેલા, બીજા, ત્રીજા, ચોથા વર્ષમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓને ધોરણ-12ના કુલ માર્ક્સ મુજબ અને ડિપ્લોમામાંથી ડિગ્રીમાં જનાર વિદ્યાર્થીને ડિપ્લોમાના સેમિસ્ટર-6ના રિઝલ્ટ મુજબ મેરિટના ધોરણે ડોક્યુમેન્ટ્સ વેરિફિકેશન કરીને પ્રવેશ આપવામાં આવશે.
- તારીખ 20-6-26ના રોજ મેરિટ લિસ્ટ વેબસાઈટ પર મૂકવામાં આવશે. પસંદગી પામેલ વિદ્યાર્થીઓને SMS / Whatsapp દ્વારા સૂચના આપવામાં આવશે.
- સરદારધામ કુમાર છાત્રાલયની અંદર પ્રવેશ લેતા કોલેજના દીકરાઓની ફી વાર્ષિક રૂ. 50,000/- અને ડીપોઝીટની રકમ રૂ. 10,000/- ફરજીયાત ઓનલાઈન ભરવાની રહેશે.
- ફોર્મમાં ચોકસાઈપૂર્વક વિગત ભરેલ ના હોય અને તે કારણથી આપનું નામ મેરિટમાં ના આવે તો તે માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ.
- મેરિટમાં નામ આવ્યા બાદ ડોક્યુમેન્ટ વેરિફિકેશનમાં Fy / Sy / Tyમાં એટીકેટી / બેકલોગ આવ્યાની જાણ થશે તો આપનો પ્રવેશ રદ કરવામાં આવશે.
- મેરિટમાં નામ આવ્યા બાદ વિદ્યાર્થીઓએ 5 થી 7 દિવસમાં જ સરદારધામ ફેઝ-1 એડમિન ઓફિસની રૂબરૂ મુલાકાત લઈને ડોક્યુમેન્ટ્સ વેરીફીકેશન કરાવીને એડમિશન ફી ભરવાની રહેશે. અન્યથા આપનો પ્રવેશ રદ્દપાત્ર ગણાશે.
- મેરિટમાં નામ હોય પણ કોલેજમાં એડમિશન પ્રાપ્ત ના થયું હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થી રૂ. 10,000/- ભરીને પોતાની પ્રવેશ સીટ અનામત રાખી શકશે, જે નોન-રીફંડેબલ રહેશે.
- સીટ અનામત રાખવા માટે વિદ્યાર્થીઓએ ભરેલ રૂ. 10,000/- તેમની હોસ્ટેલ ડિપોઝીટમાં જમા લેવામાં આવશે.
- સીટ અનામત રાખનાર વિદ્યાર્થીએ 60 દિવસમાં કોલેજમાં એડમિશન પ્રાપ્ત કરીને કોલેજની ફીની રસીદ તેમજ જરૂરી ડોક્યુમેન્ટસ વેરીફીકેશન કરાવીને એડમિશન ફી ભરવાની રહેશે.
- પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને UPSC-GPSC ફાઉન્ડેશન કોર્સની નિશુલ્ક તાલીમનો લાભ મળવાપાત્ર રહેશે.

**સરદારધામ** | વૈષ્ણોદેવી સર્કલ, એસ. પી. રીંગ રોડ, અમદાવાદ-382421.
Mo.: +91 7575001428 / 1548 / 1596/ 1438 Email: hostel@sardardham.org



# સરદારધામ

## કન્યા છાત્રાલય

# શકરીબેન ડાહ્યાભાઈ પટેલ સંકુલ

## (હસ્તે : દિલીપભાઈ પી પટેલ - રાજા ગ્રૂપ, કડી)

Date: 30-05-2026

## સમસ્ત પાટીદાર સમાજની કોલેજમાં અભ્યાસ કરતી દીકરીઓ જોગ

સરદારધામ-અમદાવાદ કન્યા છાત્રાલય ખાતે અદ્યતન હોસ્ટેલ-કમ-ઈન્સ્ટિટ્યૂટમાં આ વર્ષે 2026-27માં પ્રવેશ મેળવવા ઈચ્છતી ધોરણ-12 (વિજ્ઞાનપ્રવાહ / સામાન્ય પ્રવાહ)માં પાસ થયેલ બહારગામની દીકરીઓને અમદાવાદ-ગાંધીનગર ખાતે કૉલેજમાં પ્રવેશ પ્રાપ્ત થયો હોય અને હોસ્ટેલની સુવિધા ઈચ્છતી હોય તેઓએ વેબસાઈટ પર પ્રવેશની વિગતો અને હોસ્ટેલના નિયમો વાંચીને ઓનલાઈન અરજી કરવાની રહેશે.

- સરદારધામની વેબસાઈટ www.sardardham.org પર **ઓનલાઈન અરજી ફોર્મ તારીખ 01/06/26 થી તારીખ 15/06/26 સુધી ઓપન રાખવામાં આવશે.**

  **How to Apply** (Home > Admission > Hostel Registration > College Students Registration)

- કોલેજના પહેલા, બીજા, ત્રીજા, ચોથા વર્ષમાં અભ્યાસ કરતી હોય તેવી વિદ્યાર્થિનીઓને ધોરણ-12ના કુલ માર્ક્સ મુજબ અને ડિપ્લોમામાંથી ડિગ્રીમાં જનાર વિદ્યાર્થિનીઓને ડિપ્લોમાના સેમિસ્ટર-6 ના રિઝલ્ટ મુજબ **મેરિટના ધોરણે ડોક્યુમેન્ટ્સ વેરિફિકેશન કરીને પ્રવેશ આપવામાં આવશે.**
- **તારીખ 20-6-26ના રોજ મેરિટ લિસ્ટ** વેબસાઈટ પર મૂકવામાં આવશે. પસંદગી પામેલ વિદ્યાર્થિનીઓને SMS / Whatsapp દ્વારા સૂચના આપવામાં આવશે.
- સરદારધામ કન્યા છાત્રાલયની અંદર પ્રવેશ લેતી કોલેજની દીકરીઓની **ફી વાર્ષિક રૂ. 40,000/- અને ડીપોઝીટની રકમ રૂ.10,000/- ફરજીયાત ઓનલાઈન ભરવાની રહેશે.**
- ફોર્મમાં ચોકસાઈપૂર્વક વિગત ભરેલ ના હોય અને તે કારણથી આપનું નામ મેરિટમાં ના આવે તો તે માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ.
- મેરિટમાં નામ આવ્યા બાદ ડોક્યુમેન્ટ વેરિફિકેશનમાં Fy / Sy / Tyમાં એટીકેટી / બેકલોગ આવ્યાની જાણ થશે તો આપનો પ્રવેશ રદ કરવામાં આવશે.
- **મેરિટમાં નામ આવ્યા બાદ વિદ્યાર્થિનીઓએ 5 થી 7 દિવસમાં જ સરદારધામ ફેઝ-2** એડમિન ઓફિસની રૂબરૂ મુલાકાત લઈને ડોક્યુમેન્ટ્સ વેરીફીકેશન કરાવીને એડમિશન ફી ભરવાની રહેશે. અન્યથા આપનો પ્રવેશ રદ્દપાત્ર ગણાશે.
- મેરિટમાં નામ હોય પણ કોલેજમાં એડમિશન પ્રાપ્ત ના થયું હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થિની **રૂ.10,000/- ભરીને પોતાની પ્રવેશ સીટ અનામત રાખી શકશે, જે નોન-રીફંડેબલ રહેશે.**
- સીટ અનામત રાખવા માટે વિદ્યાર્થિનીઓએ ભરેલ રૂ.10,000/- તેમની હોસ્ટેલ ડિપોઝીટમાં જમા લેવામાં આવશે.
- સીટ અનામત રાખનાર વિદ્યાર્થિનીએ **60 દિવસમાં** કોલેજમાં એડમિશન પ્રાપ્ત કરીને કોલેજની ફીની રસીદ તેમજ જરૂરી ડોક્યુમેન્ટસ વેરીફીકેશન કરાવીને એડમિશન ફી ભરવાની રહેશે.
- પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને UPSC-GPSC ફાઉન્ડેશન કોર્સની નિશુલ્ક તાલીમનો લાભ મળવાપાત્ર રહેશે.

**સરદારધામ**

વૈષ્ણોદેવી સર્કલ, એસ. પી. રીંગ રોડ, અમદાવાદ-382421.

Mo.: +91 7575001427 / 1596 Email: hostel@sardardham.org



# સરદારધામ

**મધ્યસ્થ કાર્યાલય :** સરદારધામ, એસ. પી. રીંગ રોડ, વૈષ્ણોદેવી સર્કલ, અમદાવાદ - ૩૮૨૪૨૧ ● **ફોન નં. :** ૭૫૭૫૦૦૧૪૨૮, ૭૫૭૫૦૦૧૪૩૮, ૭૫૭૫૦૦૧૫૯૬
**ઈ-મેઈલ :** info.sardardham@gmail.com | **વેબસાઈટ :** www.sardardham.org ● **ટ્રસ્ટ રજી. નં. :** ઈ/૨૦૯૨૪/અમદાવાદ | **GSTIN :** 24AAPTS3354N1ZU
**FCRA Regd. No. :** 041910486/Dated 11-03-2019 ● **80(G) Regd. No. :** AAPTS3354N/129/15-16/T-0398/80G(5)/Dated 09-09-2018

## છાત્રાલય પ્રવેશ નિયમાવલી

તા. 01/06/2026

### (છાત્રાલયમાં રહેતા કોલેજ-માસ્ટર્સ/પ્રોફેશનલ-AC રૂમના તમામ દીકરા-દીકરીઓને આ નિયમો લાગુ પડશે)

1. ચારિત્ર્ય ઘડતર, નેતૃત્વ, સમાજભાવના અને યુવાશક્તિના સર્વાંગી વિકાસ તેમજ સ્વાવલંબનની સાથે જીવનની સાચી કેળવણી માટે સરદારધામ દ્વારા આયોજીત તમામ પ્રવૃત્તિઓ / મોટીવેશનલ કાર્યક્રમો એવમ અન્ય કાર્યક્રમોમાં 80% નીચે હાજરી થશે તેવા વિદ્યાર્થીઓનું એડમિશન રદ કરવામાં આવશે.
2. સરદારધામ કુમાર-કન્યા છાત્રાલયની અંદર એડમીશન લેતા કોલેજના દીકરાઓની **વાર્ષિક ફી રૂ.50,000/-** અને દીકરીઓની **વાર્ષિક ફી રૂ.40,000/-** રહેશે. સિવિલ સર્વિસ સેન્ટર અને સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરમાં તાલીમ મેળવતા દીકરાઓની **ફી પ્રતિ દિવસ રૂ. 200/-** રહેશે અને દીકરીઓની **ફી પ્રતિ દિવસ રૂ. 150/-** રહેશે. પ્રોફેશનલ કોર્સ-માસ્ટર્સનો અભ્યાસ કરનાર દીકરા-દીકરીઓની **ફી વાર્ષિક રૂ. 60,000/-** રહેશે..તમામ દીકરા-દીકરીઓએ **ડીપોઝીટની રકમ રૂ. 10,000/-** ભરવાની રહેશે. મેરીટ મુજબ પ્રવેશપાત્ર ઠરેલ વિદ્યાર્થીઓને જાણ કરે થી દિન-5માં પ્રવેશ મેળવી લેવાનો રહેશે. અન્યથા યાદીમાં આવેલ વિદ્યાર્થીઓની પ્રવેશ પાત્રતા રદ થશે.
3. સિવિલ સર્વિસમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની કલાસમાં એવમ્ પ્રાર્થનામાં અને કોલેજમાં અભ્યાસ કરતા દીકરાઓની **પ્રાર્થનામાં સાંજે - 6:55 થી 7:15 સમય દરમ્યાન 80% હાજરી ફરજીયાત રહેશે.**
4. **કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશપત્ર સાથે : (1)** તાજેતરનો પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ-2 **(2)** માર્કશીટની ટ્રુ કોપી, સહી-સિક્કા સાથેની નકલ, **(3)** લીવિંગ સર્ટિફિકેટની નકલ **(4)** સ્કૂલ-કૉલેજ ફી ભર્યાની ચાલુ વર્ષની પહોંચની નકલ. **માસ્ટર્સ / પ્રોફેશનલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશપત્ર સાથે: (1)** પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ-2 **(2)** ગ્રેજ્યુએશનની માર્કશીટની ટ્રુ કોપી, સહી-સિક્કા સાથેની નકલ **(3)** લીવીંગ સર્ટીફીકેટની નકલ **(4)** પ્રવેશ મેળવેલ કોર્સની ફી રીસીપ્ટ **(5)** આઇ-ડી કાર્ડ હોય તો. બધા ડોક્યુમેન્ટ્સની ઓરીજીનલ અને નકલ બેય સાથે રાખવી. અધૂરી વિગતોવાળું પ્રવેશફોર્મ રદ થશે.
5. વિદ્યાર્થીઓએ પોતાનું આઈ-કાર્ડ રેક્ટરશ્રી પાસેથી મેળવી લેવાનું રહેશે. તેમજ સંસ્થા છોડતી વખતે પોતાનું આઈ-કાર્ડ ફરજિયાત રેક્ટરશ્રીને જમા કરાવવાનું રહેશે. મોબાઈલમાં આઈ-કાર્ડના ફોટાને માન્ય ગણવામાં આવશે નહીં. તેમજ આઈ-કાર્ડ ખોવાઈ, તૂટી જવાના કિસ્સામાં **રૂ. 50/-** ભરી નવું આઈ-કાર્ડ મેળવી લેવાનું રહેશે. આઈ-કાર્ડ ન પહેરનાર વિદ્યાર્થીઓ પાસેથી જેટલી વખત પકડાય તે દરેક વખતે રૂ.100/- દંડ વસુલ કરવામાં આવશે.
6. કોઇપણ વિદ્યાર્થી દ્વારા ફી રાહત માટે ખોટા ડોક્યુમેન્ટ રજુ કરવામાં આવશે અથવા સક્ષમ હોવા છતાં જરૂરિયાત મંદ હોવાની ખોટી રજુઆત કરતા ધ્યાન પર આવશે તો તેમનો પ્રવેશ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવશે.
7. દરેક વિદ્યાર્થીઓએ ફાળવેલ રૂમ, બેડ તેમજ ફ્લોર મુજબ જ રહેવાનું રહેશે. કોઇપણ સંજોગોમાં જાતે રૂમ બદલવો નહીં.
8. વિદ્યાર્થીઓનાં Blood Relation ધરાવતા સગાં-સંબંધીઓ (ઓળખપત્ર ધરાવનાર) ફક્ત **રવિવારે સવારે 9.00 થી 12.00 દરમ્યાન** જ મુલાકાત ખંડમાં વિદ્યાર્થીઓને મળી શકશે. વાલીઓને વિદ્યાર્થીઓના રૂમમાં જવા દેવામાં આવશે નહિ. વાલી વિદ્યાર્થીને મંજૂરી વગર બહાર લઈ જઈ શકશે નહિ. રેકટર ઓફિસમાં વાલી રજીસ્ટરમાં એન્ટ્રી કરી પોતાની ઓળખ આપીને મુલાકાત લેવાની રહેશે.
9. કોઈપણ વિદ્યાર્થીની ચાલચલગત સારી ના હોય, અન્ય વિદ્યાર્થીઓને નડતરરૂપ ગેરવર્તન કરતાં હોય અથવા તો ક્રિકેટ મેચ દરમ્યાન કે જન્મદિન નિમિત્તે મોટે મોટેથી બુમ બરાડા પાડતા જણાશે તો કોઇ નોટીસ આપ્યા વગર તાત્કાલિક તેમનો પ્રવેશ રદ કરવામાં આવશે. તેમજ નવી બેચમાં વિદ્યાર્થીઓને એક્સટેન્શન આપતા કે એડમિશન રીન્યુ કરવામાં વર્ષ દરમિયાન તેમને મળેલ નોટીસ અને તેમણે આપેલ જવાબો વિગેરે બાબતો સાથે તેમની હિસ્ટ્રીનું મુલ્યાંકન કર્યા બાદ જ એડમિશન રીન્યુ કરી આપવામાં આવશે.
10. બહારની વ્યક્તિને રૂમમાં મળવા બોલાવી શકાશે નહીં. હૉસ્ટેલ રૂમમાં કોઈપણ બહારની વ્યક્તિ ગેરકાનૂની રહેતા પકડાશે તો તે રૂમમાં રહેતા વિદ્યાર્થીઓનો સંયુક્ત ગુનો ગણી તમામનો પ્રવેશ રદ કરવામાં આવશે.

11. હોસ્ટેલમાં પ્રવેશ્યા પછી વિદ્યાર્થીઓ રેકટર મિત્રોની પૂર્વ મંજૂરી વગર બહાર નીકળી શકશે નહીં. બહારગામ જનાર વિદ્યાર્થીએ જતા અગાઉ તેમજ આવ્યા પછી રેકટરશ્રીને લેખિતમાં જાણ કરવાની રહેશે. રેકટરશ્રીની મંજૂરી મળ્યા પછી જ વિદ્યાર્થી બહારગામ જઈ શકશે. રજા લઈને વતનમાં કે ઘરે ગયા હોય ત્યારે નિયત સમયે પરત આવવાનું રહેશે. રજા લંબાવવાની જરૂર પડે તો રેકટરની મંજુરી મેળવી લેવાની રહેશે. અનધિકૃત રીતે સંસ્થાની બહાર રહેનાર વિદ્યાર્થી પાસેથી દૈનિક **રૂ. 200/-** લેખે દંડ વસુલ કરવામાં આવશે.

12. **દરેક રૂમની સફાઇ તથા ટોઇલેટ/બાથરૂમની સફાઈ તેમજ રૂમમાં પીવાના પાણીની વ્યવસ્થા વિદ્યાર્થીઓએ જાતે જ કરવાની રહેશે.** પોતાના રૂમની સફાઇની જવાબદારી રૂમમાં રહેતા વિદ્યાર્થીઓની સામુહિક રહેશે. રૂમમાં દરેક વિદ્યાર્થીઓએ પોતાના કપડાં વ્યવસ્થિત ગડી કરીને કબાટમાં મુકવાના રહેશે. તેમજ પોતાનો બેડ અને કબાટ વ્યવસ્થિત રાખવાનાં રહેશે.

13. સંસ્થાની રૂમો-લોબી, દીવાલો, જાજરૂ-બાથરૂમ,રસોડું કે અન્ય જગ્યાએ થૂંકવું નહિ. કોઈપણ પ્રકારનું લખાણ લખવું નહિ કે કચરો નાખવો નહિ. કચરો કચરા ટોપલીમાં જ નાખવો. નિયમ ભંગ કરનારને જેટલી વખત પકડાય તે દરેક વખતે **રૂ. 500/-** દંડ કરવામાં આવશે. તેમજ પાણીનો વપરાશ સંયમથી કરવાનો રહેશે. નક્કી કરેલ સમયમર્યાદામાં જ પાણી આપવામાં આવશે.

14. છાત્રાલયના ફર્નિચર, ઈલેક્ટ્રિક ફિટિંગ્સ, લાઈટ, જાજરૂ-બાથરૂમ, કોમન લાઈટ, રસોડાના વાસણો અને સંસ્થાનાં અન્ય સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. **જે વિદ્યાર્થી દ્વારા કોઈપણ પ્રકારનું નુકસાન થશે તો તેની પાસેથી નુકસાનની રકમ વસૂલ કરવામાં આવશે.** તેમજ રૂમના ફર્નિચરને તેમના સ્થાનેથી ખસેડી શકાશે નહિ. છાત્રાલયની રૂમોની અંદર વિદ્યાર્થીઓએ કોઇપણ પોસ્ટર્સ, ફોટા, છાપાં, ચાર્ટ કે અન્ય લખાણો રૂમના કે સંસ્થાના ફર્નિચર,દીવાલ કે કાચ ઉપર ચોંટાડવા કે લગાડવા નહીં. આવું કરનારને ધ્યાનમાં આવે તે દરેક વખતે **રૂ. 200/-**નો દંડ કરવામાં આવશે. અથવા એડમિશન રદ કરવા સહિતની સંસ્થાને યોગ્ય લાગે તે શિક્ષા કરવામાં આવશે.

15. કૉલેજમાં રહેતા વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના જન આંદોલન/રાજકીય આંદોલન/ધાર્મિક આંદોલનમાં ભાગ લઈ શકશે નહીં. તેમજ સોશિયલ મીડીયામાં અનધિકૃત ગૃપમાં સામેલ થઈ સંસ્થા વિરૂધ્ધ પ્રચાર-પ્રસાર કરી સંસ્થાની છબીને નુકશાન પહોંચાડનાર વિદ્યાર્થીનું એડમિશન તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવશે.

16. **નૈતિક ફરજના ભાગરૂપે સંસ્થામાં રહેતા વિદ્યાર્થીઓએ પોતાના સોશિયલ મીડિયા અને Whatsapp ગ્રૂપોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી મુકવી તેમજ તેનો પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે.**

17. **સંસ્થામાં કોઈપણ પ્રકારનાં વ્યસનો જેવાં કે પાન-મસાલા, બીડી, સિગારેટ, તમાકુ-ગુટકા, કેફી પદાર્થ/માચીસ વગેરે નશાકારક સામગ્રીના વપરાશ અને સંગ્રહ ઉપર સખત પ્રતિબંધ છે. આ નિયમોનો ભંગ કરનાર વિદ્યાર્થીનો પ્રવેશ તાત્કાલિક રદ કરવામાં આવશે.**

18. રૂમમાં રેડિઓ, ટીવી,સ્પીકર, ટેપ કે અન્ય ખલેલ પહોંચાડતાં સાધનોનો ઉપયોગ કરવો નહિ. અને જો પકડાશે તો જપ્ત થશે અને **રૂ. 1000/-** દંડ લેવામાં આવશે. ઉપરાંત ઈલેક્ટ્રિક સાધનો જેવાં કે ઈલેક્ટ્રિક સગડી, ઈસ્ત્રી, હીટર વગેરે સાધનો વાપરી શકાશે નહિ તથા બંધ રૂમમાં ટ્યુબલાઈટ, લેમ્પ કે પંખા ચાલુ રાખી શકાશે નહિ.

19. મોબાઈલ કે લેપટોપનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક કાર્ય માટે કરવાનો રહેશે. તેમજ મોબાઈલ કે લેપટોપ બીજાને ડિસ્ટર્બ થાય તેવા મોટા અવાજે વાપરવા નહીં. તેમ કરતા જણાશે તો **રૂ. 1000/-** નો દંડ લેવામાં આવશે.

20. સંસ્થા છોડતી વખતે અરજી સાથે ડિપોઝિટ ભર્યાની પહોંચ જમા કરાવવી ફરજિયાત છે. છાત્રાલય છોડતા પહેલાં રેક્ટરનું રૂમ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું જરૂરી રહેશે. જે ડીપોઝીટ પાછી મેળવતી વખતે રજુ કરવાનું રહેશે. નિર્ધારીત સમયમર્યાદામાં આપના બેંક ખાતામાં ડિપોઝિટની રકમ જમા કરવામાં આવશે.

21. દરેક વિદ્યાર્થીએ સહાધ્યાયીના રૂમમાં જવાની મનાઈ રહેશે. તેમ છતાં જો કામ હોય તો **સવારે 7.00 થી 8.00 અને સાંજે 7.00 થી 8.30 કલાક** સુધીમાં પૂર્ણ કરવાનું રહેશે. અન્યથા શિસ્તભંગ ગણાશે.

22. લોબીમાં આંટા મારવાની કે ઊભા રહેવાની સખ્ત મનાઈ છે તેમજ દરેક વિદ્યાર્થીએ **છાત્રાલયના પરિસરમાં (કેમ્પસમાં) સભ્યતાથી વર્તવું તેમજ સભ્યતાવાળાં કપડાં પહેરવાં. ટુંકાં વસ્ત્રો પહેરવા નહીં.** કેમ્પસમાં અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરવાની સખત મનાઈ છે. જેનાથી ભવિષ્યમાં ઊભા થતાં ઝઘડા ટાળી શકાય. ભંગ કરવાના પ્રસંગે **રૂ. 100/-** દંડ લેવામાં આવશે.

23. બહારથી નાસ્તો લાવી શકાશે નહીં કે ઓર્ડર કરીને મંગાવી શકાશે નહી. ડાઈનિંગ હોલમાં કિચનની કોઈપણ વસ્તુ (થાળી,વાટકી, ચમચી,પ્યાલો, ડિશ) વગેરે રૂમમાં કે અન્ય જગ્યાએ લઈ જનાર સામે શિસ્ત ભંગના પગલાં લેવામાં આવશે તેમજ વસ્તુ દીઠ **રૂ. 50/-** દંડ વસુલ કરવામાં આવશે. રેકટરશ્રી પાસેથી દંડની રસીદ લેવાની રહેશે.

24. એડમિશન વખતે તેમજ વાલીદિન રાખીએ તે દિવસે વિદ્યાર્થીઓના માતા/પિતા /વાલીએ ફરજિયાત સાથે આવવું. તેમજ દરેક વિદ્યાર્થીઓએ સંસ્થા દ્વારા યોજાતા રાષ્ટ્રીય તહેવારો તથા અન્ય પ્રસંગોની ઉજવણીમાં ફરજીયાત હાજરી આપવાની રહેશે તેમજ તેમાં જોડાઇને સેવા આપવાની રહેશે.

25. **આંધી-વરસાદ,વીજળી પડવી જેવી કુદરતી આફતો અને ભૂકંપ, આગ તેમજ અન્ય કોઈપણ પ્રકારે વિદ્યાર્થીઓની જાનહાની થાય તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહીં.**

26. **લાઈબ્રેરી, ઈ-લાઈબ્રેરી, સવારે 7:00 થી રાત્રે 11:00 તથા જિમ્નેશિયમમાં સવારે 5:00 થી 8:00 બપોરે-3:00 થી 6:30 સુધી જ પ્રવૃત્તિ ચાલશે.**

27. સંસ્થામાં વાલીનો જ નંબર આપવાનો રહેશે. રજિસ્ટર કરેલ વાલીના મોબાઈલ નંબર સિવાય કોઈ પણ અન્ય ફોન પર રજા માટેની મંજૂરી મળી શકશે નહીં. વાલીના રજિસ્ટર્ડ મોબાઈલ નંબરમાં ફેરફાર વાલીની મંજૂરી વગર થશે નહીં.

28. **છાત્રાલયમાં વિદ્યાર્થીઓએ રોકડ રકમ, કિંમતી દાગીના કે અન્ય કિમતી ચીજવસ્તુ રાખવી નહીં.દાગીના પહેરવા નહિ. તેમ છતાં ચોરી થશે તો તે માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ.** ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર અથવા કાર ધરાવનાર વિદ્યાર્થીએ પોતાના વ્હીકલની આર.સી બુક તેમજ ડ્રાઇવિંગ લાઈસન્સની ઝેરોક્ષ ફરજિયાત આપવાની રહેશે. વાહનની નોંધણી ફરજીયાત કરાવવાની રહેશે.

29. **દરેક વિદ્યાર્થીને પલંગ, બેડ (પથારી), ઓશીકું (પીલો), રાઈટિંગ ચેર તથા કબાટ આપવામાં આવશે. બેડશીટ, ચોરસો તથા પીલો કવર (સેટ-2) અને ચાદર-1 સંસ્થામાંથી ચાર્જથી મળશે.** દરેક રૂમમાં સિલિંગ ફેન, ટયુબલાઈટ, એક મોટી બાલટી, એક નાની બાલટી, બે ટમ્બલર, ડસ્ટબિન આપવામાં આવશે, જેની સાચવણીની જવાબદારી રૂમમાં રહેતા વિદ્યાર્થીઓની સામુહિક રહેશે. દરેક રૂમ વ્યવસ્થિત અને પથારી સુઘડ રાખી સ્વચ્છતાને પ્રાધાન્ય આપવાનું રહેશે. **દર 8 દિવસે વિદ્યાર્થીએ સ્વખર્ચે બેડશીટ, પીલો કવર ધોવડાવવાનાં રહેશે અથવા જાતે ધોવાના રહેશે.**

30. સંસ્થા તરફથી રસોડાનું સંચાલન કરવામાં આવે છે. જ્યારે સંસ્થાનું રસોડું ચાલુ હશે ત્યારે તમામ વિદ્યાર્થીઓએ સંસ્થાના રસોડામાં જ જમવાનું રહેશે. ભોજનાલયના સઘળા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ડિશમાં એંઠવાડ જેવા કે રોટલી, દાળ-ભાત, શાક વગેરે વસ્તુ પડતી મૂકવી નહિ. આવું કરનારને **રૂ. 500/-**નો દંડ કરવામાં આવશે. છાત્રાલયનો નક્કી કરેલો ભોજન સમય – **સવારનો નાસ્તો 6.30 થી 8.00 કલાક સુધી, બપોરનું ભોજન 11:00 થી 1.30 કલાક સુધી, સાંજનું ભોજન 7:00 થી 8:30 કલાક** સુધી જ રહેશે. સમય પૂરો થયા બાદ વ્યવસ્થા થશે નહિ. ભોજનનો સમય અનુકૂળ હોય તેમણે જ પ્રવેશ મેળવવો. સંસ્થાના મેનુ મુજબ જ રસોઈ બનશે, અલગથી બનશે નહિ.

31. **છાત્રાલયના વહીવટકર્તાઓ, ટ્રસ્ટીશ્રી, સમાજના વડીલો, આગેવાનો, ગૃહપતિ અને અન્ય કર્મચારીઓ સાથે પ્રત્યેક વિદ્યાર્થીએ વિનયપૂર્વક વર્તવાનું રહેશે. એમની સાથે અનિષ્ટ વ્યવહાર કે તકરાર કરનાર વિદ્યાર્થીનો પ્રવેશ વાલીશ્રીને જાણ કર્યા વગર જ રદ કરાશે.**

32. **સ્કૂલ/કૉલેજના વાર્ષિક દિનની ઉજવણીમાં સવારથી રાત્રે 8.30 સુધી જ જવા દેવામાં આવશે.** એ સિવાય કોઈપણ પાર્ટીમાં જવાની પરવાનગી છાત્રાલયમાંથી મળશે નહિ. કોઈપણ વિદ્યાર્થી કૉલેજમાંથી કે સ્કૂલમાંથી બારોબાર સગા-સંબંધી અથવા મિત્રના ઘરે જઈ શકશે નહિ. જશે તો વાલી વિના છાત્રાલયમાં પ્રવેશ મળશે નહિ. સંસ્થામાં બર્થ-ડે પાર્ટી કે અન્ય પાર્ટી ઉજવવા દેવામાં આવશે નહિ. આવી પાર્ટી ઉજવતાં જણાશે તો એડમિશન રદ કરવામાં આવશે.

33. **હૉસ્ટેલમાંથી વિદ્યાર્થીને નિમ્ન લિખિત બાબતમાં પ્રવેશ રદ કરવામાં આવશે.**

    1. પોતાની સાથે હાનિકારક હથિયાર રાખશે.
    2. તોડફોડ અને મારપીટની પ્રવૃત્તિ કેમ્પસના અંદર કે બહાર કરશે.
    3. છેતરપીંડીના કેસમાં સામેલગીરી.
    4. ગંજીપા-જુગાર રમવા અથવા અન્ય રમતો.
    5. સંસ્થાની છબીને જાણી જોઈને ખરાબ ચિતરવાનો પ્રયત્ન કરશે.
    6. સંસ્થાના હિત વિરુધ્ધનું વર્તન વાલી કે વિદ્યાર્થી કરે ત્યારે.
    7. સંસ્થાના નિયમોનું ઉલ્લંઘન વાલી કે વિદ્યાર્થી કરે ત્યારે.
    8. વિદ્યાર્થી ઉશ્કેરણીજનક વર્તન કે પ્રવૃતિ કરતા જણાય ત્યારે.
    9. ખોટી માહિતી રજૂ કરી પ્રવેશ મેળવાનું ધ્યાન પર આવે ત્યારે.
    10. ઓનલાઈન માધ્યમથી કોઈપણ ખાદ્ય પદાર્થો મંગાવશે ત્યારે.

34. સંસ્થાના હોદ્દેદારો કે પદાધિકારીઓ ગમે તે સમયે વિદ્યાર્થીઓના રૂમ કે સરસામાનની તપાસ કરી શકશે અને તપાસ દરમ્યાન પ્રતિબંધિત ચીજવસ્તુઓ ધ્યાનમાં આવશે તો તેવો વિદ્યાર્થી શિક્ષા તેમજ દંડને પાત્ર રહેશે.



Continue...

35. પૂર્વ મંજૂરી સિવાય **સાંજે 7.00 કલાક પછી** છાત્રાલયમાંથી બહાર જવા દેવામાં આવશે નહી અને **સવારે 5.30 કલાક પહેલાં** બહારથી છાત્રાલયમાં પ્રવેશવા દેવામાં આવશે નહિ. અમદાવાદ શહેરમાં સગા-સબંધીના અને અન્ય વ્યક્તિઓના ઘરે કોઈ પ્રસંગ કે કામ માટે રજા આપવામાં આવશે નહીં. નિયત સમય કરતાં મોડા આવનાર વિદ્યાર્થી પાસેથી પ્રથમ વખતે OTRમાં નોંધ કરીને **રૂ. 500/-** અને દ્વીતિય વખતે **રૂ. 1000/-** દંડ વસુલ કરવામાં આવશે. અને તૃતિય વખતે એડમિશન રદ કરવામાં આવશે.

36. **વિદ્યાર્થીઓને સૂચિત કરવામાં આવે છે કે આવવા તથા જવા માટે મુખ્ય પ્રવેશદ્વારનો જ ઉપયોગ કરવો ફરજિયાત છે. જો કોઈ દીવાલ કે ઝાંપો કૂદી અન્ય ખોટી રીતે સંસ્થામાં પ્રવેશ કરશે કે બહાર જશે તો તેનું એડમિશન રદ કરવામાં આવશે.**

37. **છાત્રાલયમાં નવા વિદ્યાર્થીનું એડમિશન મેરિટ પ્રમાણે રહેશે અને છાત્રાલયમાં રહેતા જૂના વિદ્યાર્થીને ATKT, ચઢાવો પાસ કે 55%થી ઓછા માર્કસ આવશે તો તેનું એડમિશન રદ કરવામાં આવશે.** તેમજ ATKT / બેકલોગ લાવનાર વિદ્યાર્થીઓને બીજા વર્ષે સંસ્થામાં પ્રવેશ મળી શકશે નહીં.

38. દરેક વિદ્યાર્થીએ શાળા-કૉલેજમાં સમયપત્રક મુજબ હાજરી આપવી ફરજિયાત છે. તે સિવાયના સમયમાં છાત્રાલયમાં રહીને શાંતિથી અભ્યાસ કરવાનો રહેશે. સરદારધામમાં ધાર્મિક તહેવારોની ઉજવણી બાબતે મંજૂરી માટે આવવું નહી.

39. **છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થી કોઈપણ જગ્યાએથી કે રૂમમાંથી કોઈપણ વસ્તુ બિનઅધિકૃત રીતે લઈ જતા પકડાશે તો તાત્કાલિક એડમિશન રદ કરવામાં આવશે.** છાત્રાલયની રૂમની અંદર થયેલ નુકસાન રૂમમાં રહેતા બધા વિદ્યાર્થીઓએ સરખે ભાગે વહેંચી લેવાનું રહેશે. તેમજ જે માળની લોબીમાં નુકસાન થશે તો તે માળ પર રહેતા તમામ વિદ્યાર્થીઓએ સરખા હિસ્સે નુકસાન ભોગવવાનું રહેશે.

40. **શૈક્ષણિક સત્ર પ્રમાણે જે વિદ્યાર્થીઓનો સંલગ્ન અભ્યાસ હોય એવા વિદ્યાર્થીઓને જ છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવશે. અભ્યાસક્રમ પૂરો થયે એડમિશન પૂરું થયું ગણાશે અને ફાળવેલ રૂમ ખાલી કરવાનો રહેશે. છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થી અભ્યાસની સાથે કેમ્પસ બહાર નોકરી કરી શકશે નહીં.**

41. છાત્રાલયમાં દાખલ થનાર વિદ્યાર્થીઓને પોતાની કાયમી બીમારી અંગેની જાણ સંસ્થાને અગાઉથી કરવાની રહેશે. **સંજોગોવશાત બીમાર વિદ્યાર્થીની તાત્કાલિક સારવાર કરાવવા માટે સંસ્થા કાર્યવાહી કરશે. જેનો ખર્ચ વાલીએ સારવાર થયા બાદ સંસ્થાને ચુકવવાનો રહેશે.** વિદ્યાર્થીઓએ માંદગીના સંજોગોમાં સંભાળ રાખવા માટે અમદાવાદમાં રહેતા બે સગા-સબંધીઓના મોબાઈલ નંબર, સરનામું, ઈ-મેલની વિગતો આપવાની રહેશે. બીમારીના સંજોગોમાં વિદ્યાર્થીને ગૃહપતિની મંજૂરી મેળવ્યા બાદ ઘરે લઈ જવા દેવામાં આવશે.

42. કોઈપણ વિદ્યાર્થીને સરદારધામ દ્વારા ટ્યુશન ક્લાસ, કોચીંગ ક્લાસ માટે મંજૂરી મળશે નહીં. તેમજ કોલેજ દ્વારા કે અન્ય સંસ્થા દ્વારા યોજાતા મનોરંજન કાર્યક્રમો માટે મંજૂરી મળશે નહીં. છતાં તેમાં નિર્ણયની આખરી સત્તા વહીવટકર્તાઓની રહેશે.

43. સંસ્થાના ગેટની બહાર ગયા બાદ વિદ્યાર્થીની તમામ જવાબદારી વિદ્યાર્થીની અને તેના વાલીની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

44. વિદ્યાર્થીઓએ એડમિશન માટે, રીન્યુઅલ માટે, લીવ માટે, ગેટપાસ માટે અથવા અન્ય કોઇપણ રેકટર સંબંધિત કામો, અન્ય કોઇ જરૂરી કારણો માટે સવારે-9.30 થી સાંજે-6.30 સુધીમાં જ રેકટર મિત્રોનો સંપર્ક કરવાનો રહેશે. એ સિવાય આકસ્મિક લીવ લેવાની થાય કે અન્ય કોઇ કારણો ઉભા થાય તો વિદ્યાર્થીઓ 24 કલાકમાં ગમે ત્યારે રેકટર મિત્રોનો સંપર્ક કરી શકશે.

45. **હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ વચ્ચે અંદરો અંદર તકરાર કે ઝઘડા થાય અથવા કોઇ બનાવ બને અને પોલીસ કેસ કે કોર્ટ કેસ દાખલ થાય ત્યારે તેની સંપુર્ણ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.**

46. માસ્ટર સિવાયના વિદ્યાર્થીઓને પૂર્વમંજૂરી સિવાય રાત્રે 9.00 વાગ્યા પછી છાત્રાલયમાં પ્રવેશવા દેવામાં આવશે નહિ.

47. માસ્ટરના વિદ્યાર્થીઓને તેઓના કોર્ષ મુજબ જ છાત્રાલયમાં રહેવાની સગવડ મળી શકશે.

## AC રૂમમાં પ્રવેશ મેળવનાર દીકરાઓની ફીનું માળખું તેમજ તેને લગતા નિયમો

1) AC રૂમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ કોલેજના દીકરાઓને લગતા તમામ નિયમોનો અમલ કરવાનો રહેશે.

2) AC રૂમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને દિવસમાં એકવાર હાઉસ કીપીંગ સ્ટાફ દ્વારા સફાઇ કરી આપવામાં આવશે.

3) **AC રૂમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂમમાં જમવાની સુવિધા આપવામાં આવશે નહીં.**

4) AC રૂમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે છાત્રાલયનું સત્ર અન્ય વિદ્યાર્થીઓની જેમ જ **1 જૂન થી 31 મે** સુધીનું રહેશે.

5) AC રૂમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ એડમિશન કેન્સલ કરવા માટે જો મહિનાની પહેલી તારીખે અથવા તે પછી કહેલ હશે તો તે સમગ્ર માસની હોસ્ટેલ ફી વિદ્યાર્થીએ ભરવાની રહેશે.

6) AC રૂમમાં એડમિશન લીધા બાદ વિદ્યાર્થી તે એક વર્ષ સુધી Non ACમાં રૂમ બદલી કરી શકશે નહીં. પરંતુ બીજા વર્ષે Non AC રૂમમાં બદલવું હશે તો હોલમાં રહેવાની શરતે બદલી આપવામાં આવશે.

7) AC રૂમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે 2 શેરીંગ AC રૂમની ફી 1,25,000 , 3 શેરીંગ AC રૂમની ફી- 1,10,000 અને 4 શેરીંગ AC રૂમની ફી- 1,00,000 રહેશે. જે વિદ્યાર્થીઓએ નક્કી કરેલ હપ્તા મુજબ ભરવાની રહેશે. તેમજ રૂ.10,000/- ડીપોઝીટ અને લાઇટબિલ માસિક રૂ.1400/- (Per Student) આપવાના રહેશે.

## ફી ભરવા અંગેની જરૂરી સુચનાઓ બાબત

(1) સરદારધામ હોસ્ટેલમાં ફી રોકડમાં લેવામાં આવતી નથી. જેની ખાસ નોંધ લેવી.

(2) હોસ્ટેલ ફી નેટ બેન્કિંગ, ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અને UPI થી જ લેવામાં આવશે. જો કોઈ યોગ્ય કારણ હોય તો જ ફી ચેકથી લેવામાં આવશે અને ચેક જમા થયા પછી પ્રવેશ અંગેની આગળની કાર્યવાહી થશે. જો કોઈ કારણોસર ચેક રીર્ટન આવશે તો બેંક ચાર્જ વિદ્યાર્થીએ ભોગવવાનો રહેશે.

(3) વિદ્યાર્થીઓએ ફી ભરાઈ ગયા બાદ ફી રસીદ માટે 2 થી 3 કલાકની રાહ જોવાની રહેશે. ત્યારબાદ પણ ફી રસીદ ના મળે તો રેક્ટરશ્રીને જાણ કરવી.

(4) વિદ્યાર્થીઓએ ફી ભરતા પહેલાં મોબાઈલમાં નેટ આવે છે કે નહીં તે ચેક કર્યા બાદ જ ફી ભરવી.

(5) જો વિદ્યાર્થી દ્વારા ભૂલ થી બે વાર ફી ભરાઈ જાય. તો તેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

(6) હોસ્ટેલ ડીપોઝીટ અને ફી રીફંડ નિયમમાં હશે તે અનુસાર જ મળવાપાત્ર થશે. ફી રીફંડની રકમ વિદ્યાર્થીના બેંક ખાતા અથવા વાલીના બેંક ખાતામાં જમા આપવામાં આવશે. અન્ય બેંક ખાતામાં રકમ જમા આપવામાં આવશે નહીં. રીફંડ રકમ વિદ્યાર્થીની અરજી મળ્યા બાદ 10 થી 15 દિવસમાં જમા આપવામાં આવશે. તે પહેલા ફી રીફંડ માટે કોલ કરવો નહીં.

(7) રીફંડ અરજીમાં જે રકમ આવેલ હશે તે રકમ જ નિયમાનુસાર ચેક કર્યા બાદ રીફંડ મળવાપાત્ર થશે.

(8) છાત્રાલયનું સત્ર સામાન્ય સંજોગોમાં 1 જૂન થી 31 મે સુધીનું રહેશે. તે સમય બાદ જેમની પરીક્ષા બાકી હશે તેઓ રેક્ટરશ્રીને લેખિતમાં જાણ કરીને સંસ્થામાં રહી શકશે. પરીક્ષાઓ પૂર્ણ થતાં વિદ્યાર્થીઓએ તે દિવસે જ રૂમ ખાલી કરવાની રહેશે અને બીજા કોર્ષ માટે રહેવું હોય તો નવેસરથી પ્રવેશ મેળવીને અલગથી ફી ભરવાની રહેશે. પરીક્ષા પુરી થયા બાદ વગર પરવાનગીએ રહેનાર વિદ્યાર્થીની પાસેથી દરરોજના રૂ.200/- લેખે ચાર્જ વસુલ કરવામાં આવશે.

(9) સત્ર ફી ભર્યા પછી ચાલુ સત્રએ કોઈપણ કારણોસર વિદ્યાર્થી છાત્રાલય છોડીને જતો રહે તો એક માસ કે તેથી ઓછો સમય હોય તો એક માસ સુધીની ફી પરત કરવામાં આવશે નહીં. કોલેજ / માસ્ટર્સ કરતા દીકરા -દીકરીઓ ઇન્ટર્નશીપ કરવાના કારણોસર હોસ્ટેલ ખાલી કરીને જતા હશે તો સમગ્ર સત્રની હોસ્ટેલ ફી વસુલ કરવામાં આવશે.

(10) વિદ્યાર્થીઓએ રીફંડ માટે ફરજીયાત ઓનલાઈન અરજી જ કરવાની રહેશે. અન્ય વ્યક્તિ દ્વારા, મિત્ર દ્વારા અથવા અન્ય કોઈ રીતે અરજી કરેલ હશે તો એ અરજી માન્ય ગણવામાં આવશે નહીં.

ઉપરોક્ત પૈકી કોઈપણ નિયમનો ભંગ થતાં વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે. પ્રવેશ રદ થતાં તમામ ભરેલ રકમો જપ્ત થશે. જેનું કોઈપણ વળતર (રીફંડ) આપવામાં આવશે નહીં. આ અંગેનો વહીવટકર્તાઓનો નિર્ણય આખરી ગણાશે.ચાલુ નિયમમાં વહીવટકર્તાઓને જરૂર જણાય તે પ્રમાણે નિયમોમાં ફેરફાર કરી શકશે તે તમામને બંધનકર્તા રહેશે. તેમજ નિયમો અંગે વહીવટકર્તાઓનો નિર્ણય આખરી ગણાશે.

છાત્રાલયમાં રહેવા માટે બનાવેલા નિયમો સમજી-વાંચ્યા બાદ તેનું ચુસ્તપણે પાલન કરવા માટે મેં અનુમતિ આપીને સહી કરેલ છે તેમજ આ નિયમોની એક કોપી મને મળેલ છે જેનું હંમેશાં પાલન કરીશ અને હોદ્દેદારશ્રીઓ જ્યારે આ નિયમો જોવા માગશે ત્યારે હું આ નિયમાવલી આપવા પણ બંધાયેલ છું.

**તારીખ : / / 2026**

**વિદ્યાર્થીની સહી** ______________________ **પિતા/વાલીની સહી** ______________________

**ગગજી સુતરિયા**
**પ્રમુખ સેવક**

**ભરતભાઈ બી. પટેલ**
**મંત્રી, કેમ્પસ ડાયરેક્ટર**

**ટી. જી. ઝાલાવાડિયા**
**માનદમંત્રી એવમ્ ચેરમેન**
**સિવિલ સર્વિસ સેન્ટર**